# સિકદરની કદરદાની

મહાન રાજા સિકદરે એક વાર પોતાના દરબારમા ઘોષણા કરી, ‘જે ચિત્રકાર મારા ઘોડાનુ આબેહૂબ ચિત્ર દોરી આપશે એને રાજ્યના સર્વોત્તમ ચિત્રકાર તરીકે ખ્યાતિ મળશે તેમજ અનેક પુરસ્કાર મળશે. પણ આબેહૂબ ચિત્ર બનાવવામા જે ચિત્રકાર નિષ્ફળ નીવડશે તેણે પછી પીંછી છોડી દઈ, કાયમી નિવૃત્તિ લઈ લેવી પડશે.’

આ ઘોષણા સાભળી મોટા મોટા ચિત્રકારો તો ડરી ગયા, પરતુ એક નવયુવક ચિત્રકાર હિમત કરીને રાજમહેલમા પહોચી ગયો.

એણે ઘોડાનુ ધ્યાનપૂર્વક નિરીક્ષણ કર્યું. એ પછી એકાગ્ર ચિત્તે એનુ ચિત્ર બનાવવામા લાગી ગયો. એની આસપાસ લોકોની ઠઠ જામવા લાગી પણ ચિત્રકારનુ ધ્યાન તો પોતે જે ચિત્રકૃતિ બનાવતો હતો એમા જ ચોટેલુ રહ્યુ.

ચિત્ર પરિપૂર્ણ થયુ ત્યારે સિકદર પોતે ચિત્ર જોવા ચિત્રશાળામા આવ્યો. એ ચિત્ર નિહાળી મનમા ને મનમા એ ખૂબ જ પ્રસન્ન થયો, પણ તેણે ચિત્રકારની પ્રશસાનો એકેય શબ્દ ઉચ્ચાર્યો નહિ. ઊલટાનુ, એ તો ચિત્રકૃતિમા એક પછી એક ખામીઓ બતાવવા લાગ્યો.

ચિત્રકાર થોડીવાર સુધી તો રાજાની વાતો સાભળતો રહ્યો. પણ જ્યારે એની કળાની એ આકરી ટીકા કરવા લાગ્યો ત્યારે તે ચૂપ ન રહ્યો.

ચિત્રકારે વેધક દૃષ્ટિ કરતા કહ્યુ : ‘મહારાજ, ચિત્રની સામે ઘોડાને ઊભો રાખીને આપ ગુણદોષ કાઢો તો ઠીક રહેશે.’

સિકદરે એ જ વખતે એક ઘોડાને ચિત્રશાળામા બોલાવી મગાવ્યો. એ ચિત્ર સામે જોઈ ઘોડો વારવાર હણહણવા લાગ્યો. આથી સિકદરે પૂછ્યુ : ‘ભાઈ, આ ઘોડો શા માટે વારવાર આમ હણહણ્યા કરે છે?’

ચિત્રકારે સવિનય કહ્યુ : ‘સમ્રાટ, આપ રજા આપો તો સાચી વાત જણાવુ, પણ મારી વાત સાભળ્યા પછી મનમા  માઠુ ન લગાડતા. આપના કરતાય આ ઘોડો કલાનો સાચો પરીક્ષક છે. ચિત્રમા ચીતરેલા ઘોડાને પોતાનો સાથીદાર સમજી એની સાથે દોડવા વ્યાકુળ થઈ રહ્યો છે. મારી કળાની સજીવતાનુ આ સ્પષ્ટ પ્રમાણ છે.



હવે સિકદરે ધ્યાનપર્વક ચિત્ર તરફ દૃષ્ટિ કરી. પછી ઘોડા તરફ દૃષ્ટિને સ્થિર કરી. ચિત્ર પર અને ઘોડા પર વારાફરતી દૃષ્ટિ કરી.

સિકદરના મુખ પર હાસ્ય ફરકવા લાગ્યુ. ચિત્રકારની પીઠ થાબડતા તે બોલ્યો,; 'તમારી વાત સાવ સાચી છે. બનેને સામસામા રાખવાથી મને પાકી ખાતરી થઈ ગઈ છે કે, તમે બનાવેલુ ઘોડાનુ ચિત્ર ઘોડા જેવુ જ અસલ છે. ચિત્ર જોતા ખુદ ઘોડા જેવુ જ અલગ છે. ચિત્ર જોતા ખુદ ઘોડો પોતે જ કેવો ભ્રમમા પડી ગયો અને હણહણવા લાગ્યો છે.'

ફરીથી ચિત્ર પર અને ઘોડા પર વારાફરતી દૃષ્ટિપાત કરી, દૃષ્ટિને ચિત્રકાર તરફ સ્થિર કરતા સિકદર બોલ્યો : 'ભાઈ, તમે મહાન કલાકાર છો એની ખાતરી તો પહેલી નજરે જ થઈ ગઈ હતી. પણ મારે તમારી વધુ પરીક્ષા કરવી હતી. ખરેખર તો બને ઘોડા હોય એવુ દેખાય છે. મારા દરબારમા અનેક ચિત્રકારો છે, પણ ચિત્ર બનાવવા માટે માત્ર તમે જ આગળ આવ્યા. તમે તમારી નિર્ભિકતાનો કેટલો પરિચય આપી શકો એ મારે જોવુ હતુ.'

આટલુ કહીને સિકદર થભી ગયો. ફરી પાછો એ ઘડીક ઘોડા તરફ અને ઘડીક ઘોડાના ચિત્ર તરફળ નિહાળી રહ્યો.

'ચિત્રકાર !' અધૂરી વાત આગળ ચલાવતા સિકદર બોલ્યો : 'તમારા જેવા જ ચિત્રકારની મારે જરૂર હતી. જે સાચી વાત કરતા કોઈની પણ શેહશરમ રાખતો નથી એ જ સાચો કલાકાર છે, એ જ સાચો ચિત્રકાર છે. સમ્રાટની દરેક આજ્ઞાને અનુસરવાનુ યોગ્ય નથી. એમા ગુણદોષ પણ બતાવવા જરૂરી છે.'

સિકદરે ચિત્રકારનુ દબદબાપૂર્વક સન્માન કરવા દરબાર ભર્યો. એને અતિમૂલ્યવાન ઉપહારો આપી, શાહી ચિત્રકાર તરીકે જાહેર કર્યો.

**— 'તથાગત'માથી સાભાર**

■